R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

ટે.નં. (મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

http://jagadishchristian.com

email:garvinavkranti @ yahoo.com

આપનું લવાજમ બાકી છે ? હા( )ના( )

If undelivered pl.return to સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦(૩૦૮) સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

ESTD.YEAR- 21•ISSUE: 43 DATE: 28-10-2017•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

## કોઇપણ પ્રકારની ધાર્મિક ટીકા ટિપ્પણીથી અમારા આદેશને અસર નહી થાય : ફટાકડા પરના પ્રતિબંધને કોમી રંગ દુઃખદ : સુપ્રીમ કોર્ટ

સુપ્રીમ કોર્ટે દિલ્હી-એનસીઆરમાં પહેલી નવેમ્બર સુધી ફટાકડાના વેચાણ પર સ્ટેના ચુકાદાને પાછો ખેચવાનો ઈન્કાર કર્યો હતો.આ પ્રતિબંધ અંગેની વેપારીઓની અરજી પર સુનાવણીં કરતાં સુપ્રીમે કહ્યુ કે આગામી સુનાવણી સુધી આ સ્ટે જારી રહેશે. જો કે સુપ્રીમે ટકોર કરી છે કે આ વાત અત્યંત દુઃખદ છે કે પ્રદુષણથી જોડાયેલા આ મામલાને સાંપ્રદાયિક રંગ આપવાનો પ્રયાસ કરાયો છે.એનસીઆરમાં ફટાકડા પર પ્રતિબંધને કેટલાક નેતાઓ અને સોશ્યલ મીડીયા દ્વારા હિન્દુ વિરોધી ચુકાદો જાહેર કરવાના સંદર્ભમાં સુપ્રીમે આ વાત કરી હતી. તેણે કહ્યુ હતું કે આ પ્રકારની ટિપ્પણી દુઃખદ છે.

અરજી પરની સુનાવણી કરતાં જસ્ટીસ એ.કે.સીકરી એ જણાવ્યુ હતું



કે અમને એ સાંભળીને દુઃખ થાય છે કે કેટલાક લોકો અમારા આદેશને સાંપ્રદાયિક રંગ આપી રહ્યા છે.કોઈપણ વ્યક્તિ જે મને જાણે છે તેને ખબર છે કે હું અત્યંત ધાર્મિક વ્યક્તિ છું. ફટાકડા પર મુકાયેલા પ્રતિબંધની સમીક્ષા કરવાનો ઈન્કાર કરતાં ન્યાયમુર્તિ સીકરી અને ન્યાયમુર્તિ અશોક ભુષણે કહ્યુ કે અમે કોઈ દલીલબાજીમાં પડવાના નથી અને કોઈ પણ પ્રકારની ધાર્મિક ટીકા ટિપ્પણીથી અમારા આદેશને અસર નહીં થાય.

## નોટબંધીનું સમર્થન મારી ભુલ હતી,માંફી માંગું છુ :અભિનેતા કમલ હસન

દક્ષિણ ભારતીય સિનેમાના સુપર સ્ટાર કમલ હસને ગત વર્ષે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની તરફથી કરાયેલા નોટબંધીના નિર્ણયને સમર્થન આપવા અંગે માંફી માંગી હતી. હસનના કહેવા પ્રમાણે તેમણે એ નિર્ણય ઉતાવળે લીધો હતો.એક તમિલ મેગેઝીન માટે લખાયેલા લેખમાં હસને કહયુ હતું ''હું ઉતાવળે નોટબંધીના નિર્ણયને સમર્થન આપ્યું તે બદલ માંફી માંગુ છું.''

હસને લખ્યું છે કે શરુઆતમાં મને લાગ્યું કે તેનાથી કાળા નાણાં પર લગામ મુકવામાં મદદ મળશે.તેથી લોકોએ તેનો બોજ ઉઠાવવો જોઈએ પણ હું ખોટો હતો.એકટરે કહ્યુ હતું કે એ સમયે પણ અનેક મિત્રોએ મારા નિર્ણયની ટીકા કરી હતી. જે ઈકોનોમિક્સ અંગે સમજતા હતા. હસને કહ્યુ હતું કે હું ખુદને એમ વિચારીને સાંત્વના આપવાની કોશીસ કરી રહ્યો છે કે આ પ્લાન સાચો હતો પરંતુ તેને લાગુ કરવામાં અનેક પ્રકારની સમસ્યાઓ છે. હસને કહ્યુ હતું કે જ્યારે વધુમાં વદુ લોકોએ આ મામલે પોતાની વાત રાખી તો મને મારા મંતવ્ય પર શંકા ગઈ. હસને પીએમ મોદી પર નિશાન સાધતાં લખ્યું હતું . સારા નેતાઓ સ્વભાવ એવો હોય છે કે પોતાની ભુલોનો સ્વીકાર કરે. ગાંધીજીએ પોતાની ભુલોનો સ્વીકાર કર્યો હતો અને આજના નેતા પણ એવું કરી શકે છે.જો પીએ મોદી આ નિર્ણયને લઈને પોતાની ભુલ માને છે તો હું તેમને સેલ્યુટ કરીશ. ઉલ્લેખનીય છે કે કમલ હસને એ હસ્તીઓમાંથી એક હતા. જેમણે પીએમ મોદીના નોટબંધીના નિર્ણયને સપોર્ટ કર્યો હતો.ગત વર્ષે નવેમ્બરમાં કમલ હસને ટ્વીટ ક્યુ હતું કે સેલ્યુટ મિસ્ટર મોદી, આ નિર્ણયનું પાર્ટી લાઈનથી પર રહીને સ્વાગત કરવું જોઈએ.

કમલ હસન હાલમાં ઘણા સમયથી ચર્ચામાં છે. તેઓ રાજકારણમાં જોડાવાના છે એવી ચર્ચા જોરશોરથી ચાલી રહી છે.અગાઉ એકવાર તેમણે કહ્યુ હતું કે તેઓ ભાજપમાં પણ જોડાઈ શકે છે. આ ઉપરાતં તેઓ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને મળી ચુક્યા છે.એવામાં નોટબંધી અંગે આવું નિવેદન તેમણે આપતાં અનેક તર્કવિતર્કો સર્જયા છે. જો કે ભાજપને કમલ હસન પાસે હાલમાં કોઈ કામ નથી તેથી તેઓ હતાશામાં આવા નિવેદનો કરે છે તેવું માનવું છે.

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

## મહારાષ્ટ્રની નાંદેડની મહાનગરપાલિકાની ચુંટણીમાં ભાજપના કારમા પરાજયને શિવસેનાનો ટોણો

ભાજપનો ચુંટણીમાં પરાજય થાય તે મોદી વેવના ઉદય પછી જરા આંચકાજનક સમાચાર ગણાય.મહારાષ્ટ્રના નાંદેડની મહાનગરપાલિકાની ચુંટણીમાં ભાજપના ચુંટણી અશ્વને કોગ્રેસના અશોક ચવ્હાણે નાથી દીધો.કોગ્રેસ હાલના તબક્કે મેદાન મારી જાય તે જરા વધારે પડતું લાગે પરંતુ તે કામ અશોક ચવ્હાણે કરી બતાવ્યું છે.નિષ્પ્રાણ થયેલી કોગ્રેસમાં નવા પ્રાણ ફુંકવાનું કામ તેમણે કર્યુ છે.શિવસેના પ્રમુખ ઉધ્ધવ ઠાકરે એ સામનાના તંત્રીલેખમાં એવી ટિપ્પણી કરી છે કે ૮૧ બેઠકો ધરાવતી નાંદેડ પાલિકામાં ૭૦ બેઠકો કબજે કરીને કોગ્રેસે બધાજ રાજકીય પક્ષોને આશ્ચર્યમાં મુકી દીધા છે.શિવસેનાએ આ ચુંટણીમાં ધાર્યો યશ મળ્યો નથી.એને અપયશ કહો કે પરાજય પણ જે રીતે શિવસૈનિકોએ કોગ્રેસ અને નીતિ-અનીતિ અજમાવનાર ભાજપને પોતાની ક્ષમતા પ્રમાણે લડત આપી છે એ માટે અમે ગર્વ લઈ શકીએ.

સરકારમાં પોતાના સાથી પક્ષ ભાજપ પર ટીકાની ઝડી વરસાવતાં



ઉધ્ધવ ઠાકરેએ સામનામાં જણાવ્યુ છે કે ભાજપે આ ચુંટણને પ્રતિષ્ઠાનો મુદ્દો બનાવ્યો હતો એટલે જ ભાજપના મંત્રીઓથી લઈ મુખ્યમંત્રી સુધીના તમામ બધા જ ચુંટણી મેદાનમાં ઉતરી પડયા હતા અને છતાં ભાજપનો નાંદેડમાં કારમો પરાજય થયો. તોડફોડ અને રુપીયાની થેલી ખુલ્લી મુકી દેવાનું રાજકારણ હંમેશા સફળ નથી થતું.આ ચુંટણીનો એ સૌથી મોટો બોધપાઠ છે. મહાપાલિકા ચુંટણીના દુંદુભિ વાગતાં જ ભાજપે વિધાનસભાની ચુંટણીની જેમ આયારામો માટે દુકાનો જ ખોલી દીધી. નાંદેડ મહાપાલિકાની ચુંટણી લડવા માટે ભાજપ પાસે કહી શકાય એવી ફોજ જ નહોતી એવી નુકચેતીની સામનાના અગ્રલેખમાં કરાઈ હતી.

## સુરક્ષા પરિષદમાં ભારતને વીટો વિના કાયમી સભ્યપદ : યુએસ

ઘણાં લાંબા સમયથી હાલની સરકાર સુરક્ષા પરિષદમાં ભારતને સભ્યપદ મળે અને તે પણ વીટો સાથે તેના માટે ભારે કસરતો કરી હતી.કારણકે એનડીએ સરકારની ઉપલબ્ધિમાં તેનુ વિશેષ મહત્વ ઉભુ કરી શકાય.આ પ્રયત્નો સામે અમેરિકાએ ભારત માટે શરત રાખી છ.અનેકવાર ભારતનું સમર્થન કરનાર અમેરિકાએ કહ્યુ છે કે ભારતે આ માટે વીટો પાવરની જીદ છોડી દેવી પડશે.સંયુક્ત રાષ્ટ્રમાં અમેરિકાના રાજદુત નીકી હેલીએ કહ્યુ હતું કે જો ભારત સુરક્ષા પરિષદમાં કાયમી સભ્યપદ ઈચ્છે છે તો તેણે વીટો અંગેની પોતાની જીદ છોડી દેવી જોઈએ.જેનો અર્થ એવો થાય છે કે ભારતને કાયમી સભ્યપદ મળે તો પણ તેની પાસે કોઈ પણ પ્રસ્તાવ પર વીટો કરવાનો અધિકાર નહી હોય.નીકી હેલીએ કહ્યુ હતું કે રશિયા અને ચીન બે એવી વૈશ્વિક તાકાતો છે જે સુરક્ષા પરિષદના હાલના માળખામાં પરિવર્તનોની વિરુધ્ધ છે.સુરક્ષા પરિષદના પાંચ સ્થાયી સભ્યોની પાસે વિટોનો અધિકાર છે.રશિયા, ચીન, અમેરિકા,બ્રિટન, અને ફ્રાંસની પાસે આ શક્તિ છે.અને તેમાંથી કોઈ તેને છોડવા માંગતુ નથી. અને ન તો આ તાકાત કોઈની સાથે શેર કરવા માંગે છે.આથી સુરક્ષા પરિષદમાં ભારતને સામેલ કરવાની મુખ્ય બાબત એ છે કે તે વીટોનો રાગ આલાપવાનું બંધ કરી દે.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**

**http://jagadishchristian.com**

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

સહુ વાચક ભાઈઓ બહેનોને દિપાવલી પર્વની શુભેચ્છાઓ પાઠવીએ છીએ.નવીન વર્ષની શુભેચ્છાઓ.ગુજરાતમાં વિધાનસભાની ચુંટણીઓની તારીખ નક્કી કરી દેવાઈ છે. ડિસેમ્બરમાં વિધાનસભાની ચુંટણીઓની તૈયારીઓમાં રાજકીય પાર્ટીઓ હવે પોતાની બહુમતી મળી રહે માટે જાત જાતના નુસખાઓ અપનાવશે.ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ અને દેશના વડાપ્રધાને ગુજરાતમાં વિધાનસભાની ચુંટણીમાં પોતાનો પક્ષ જીતે માટે તૈયારીઓ આરંભી દીધી છે. આ વખતે હવામાન એવું દેખાઈ રહ્યુ છે કે બહુમતી કોઈપણ પક્ષ મેળવી જાય તેવું નથી.નોટબંધી અને જીએસટીએ ભાજપ તરફીનું પલ્લુ ઉંચુ કરેલું દેખાઈ રહ્યુ છે. જે નિર્ણયો સરકારે લીધા છે તેને પ્રજા તરફથી જોઈએ તેવો પ્રતિસાદ મળ્યો નથી. ઉલટાનું તેના વિરુધ્ધનું વાતાવરણ ઉભુ થયું છે.ભલે પ્રચાર,પ્રસાર અને દબાણથી ચુંટણીઓમાં હાવી થવાની જે રીતો છે તે કેટલી કામયાબ નીવડે છે તે જોવાનું રહેશે.

કોગ્રેસના પલ્લામાં કદાચ ઓબીસી અને પાટીદાર મતો કેવું ભારે મતદાન કરીને ભાજપને દબાવે છે તે જોવાનું રહેશે.જો કે કેટલીક રીતે ફાટફુટ પડાવીને આ મતો દરેક પક્ષ પોતાની તરફેણમાં કરી લેવા માટે પોતાની બાજી ચીપશે. ઓબીસી અને પાટીદાર વર્ગને સત્તાધારી પક્ષે આર્કષવા માટે સરકારની લ્હાણીઓ કરી જોઈ છે તેની કેટલી અસર થાય છે તે સમય પર આધારતિ છે.ગુજરાતની સાથે સાથે હિમાચલમાં પણ ચુંટણી પ્રચાર ભારે જોરશોરથી ચાલી રહ્યો છે.જો કે ચુંટણીમાં હજુ પણ આયારામ ગયારામ ચાલે છે. હિમાચલમાં આવા ઉમેદવારોને ભાજપે ટીકીટ આપી છે. જ્યારે ગુજરાતમાંથી કોગ્રેસમાંથી જેઓ છુટા પડ્યા છે તેઓ કોની તરફેણમાં જાય છે તે જોવાનુ રહ્યુ શંકરસિંહ વાઘેલાએ નવા પક્ષની રચના તો કરી નાંખી છે પરંતુ હજુ સુધી તેમાં કોઈ પ્રાણ ફુંક્યો હોય તેમ લાગતું નથી.પરંતુ તે પત્તા ચીપવામાં ઊસ્તાદ ખેલાડી છે.તે ધારે તેને જીતાડી શકે છે.

અનુ.કોલમ પાંચનું ચાલુ

તેવો પલંગ કે ભુખ લાવી શકે એવો ભોજનથાળ આ દુનિયામાં હજી બન્યા નથી.આપણે ધનના વિરોધી નથી, પણ ધન જ જગતનું સર્વસ્વ છે એવું નથી. સમૃધ્ધિ હોય તો ઉદાર દિલ પણ જોઈએ.જે આપે છે,એનાથી નાશ થતો નથી.એક સુભાષિત છે :'આપવાથી ધનનો નાશ થાય છે, એમ તુ કોઈ કાળે પણ માનીશ નહીં,જુઓ, કુવા,બગીચા,ગાય વગેરે જેમ જેમ દેતા જાય છે તેમ તેમ તેમની સંપદા વૃધ્ધિ પામે છે.' સમૃધ્ધિથી માણસને સન્માન મળે છે.તમે ક્યા માર્ગે ધન કમાયા છો એની કોઈ ચિંતા કરતું નથી. જે સમૃધ્ધ છે એ ડાહ્યો છે, વિદ્વાન છે, સજ્જન છે. એ રીતે એની સમૃધ્ધિમાં જ બધા જ અવગુણો ગુણ બની જાય છે. કાલિદાસે રઘુવંશમાં પણ કહ્યું છે કે 'જેમાં પાણી ભરાયેલું છે એવા જ વાદળોનું સ્વાગત ચાતક કરે છે. ' સમૃધ્ધિમાં યશ અને કિર્તી સમાયેલાં છે.

ડૉ.કિશોરસિંહ સોલંકી(સૌ.સંદેશ)

જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

AGNELO FREE MARRIAGE SERVECES, INDIA

agnelofreemarriagebureau@gmail.com.

parmar_kanu2002@yahoo.co.in

http://jagadishchristian.com/

Conact No.0091 9824489344,

(R)0091-2692-260332

★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

# દેશની આર્થિક મંદીને સુધારવા માટે આઇએમએફ દ્વારા ભારતને 3 સુધારાઓ સુચવવામાં આવ્યા

ભારતમાં નોટબંધી અને જીએસટીને કારણે અર્થતંત્રમાં મંદી આવી હતી તેવો નિર્દેશ કરીને આંતરરાષ્ટ્રીય નાણાંભંડોળ દ્વારા ઈકોનોમીમાં તેજી લાવવા માટે ભારતને સુધારાના ૩ મંત્રો સુચવવામાં આવ્યા છે. જેમાં બેન્કીંગ ક્ષેત્રે સુધારા તેમજ સબસીડીમાં જંગી કાપ મુકવાનો સમાવેશ થાય છે.ઈકોનોમીમાં તેજી લાવવા માટે આઈએમએફે જે ૩ મહત્વના સુધારા સુચવ્યા છે તેમાં કંપનીઓ અને બેન્કોને નબળી હાલતમાંથી બહાર કાઢવાનો,રેવન્યું સબંદી પગલાંઓ દ્વારા નાણાંકીય એકીકરણ ચાલુ રાખવાનો, શ્રમ તેમજ ઉત્પાદન બજારની ક્ષમતાને વધુ મજબુત બનાવવાના સુધારા સામેલ છે. આઈએમએફના એશીયા પ્રશાંત વિભાગના ઉપનિર્દેશક કેનેથ કાંગે કહ્યુ હતું કે એશીયામાં વિકાસ માટેન દષ્ટ્રિકોણ સારો છે.મુશ્કેલ સુધારા સાથે ભારતને વિકાસના માર્ગે લઈ જવા માટે હાલ સારી તકો છે.

કાંગે કહ્યુ કે ભારતે આર્થિક વિકાસને ગતિશીલ બનાવવા માટે ૩ નીતીઓને પ્રાથમિકતા આપવાની જરુર છે.પહેલા અગ્રતા કંપની અને બેન્કીંગ ક્ષેત્રની સ્થિતિ સુધારવાની છે.આ માટે નોનપર્ફોર્મીંગ એસેટ્સ એટલે કે બિનકાર્યક્ષમ અસ્ક્યામતોની સમસ્યા સુધારવા અગ્રતા આપવાની રહેશે.આ માટે સરકારી બેન્કોની મુડીમાં વધારો કરવો પડશે.ત્રીજી અગ્રતા શ્રમકાયદામાં સુધારા અને ઉત્પાદન બજારની ક્ષમતા વધારવાની છે.ખેતી ક્ષેત્રે વિકાસ માટે કૃષિમાં મહત્વના સુધારા ચાલુ રાખવાના રહેશે.

# ફરીદાબાદ નજીકમાં ગૌરક્ષકોનો શંકાના આધારે માંસ લઇ જતા લોકો પર જાન લેવા હુમલો

પાંચેક જેટલા લોકો પોતાની રીક્ષામાં ભેસનું માંસ લઈ જતા હતા તેમની પર ગૌમાંસ હોવાની શંકા કરીને ગૌરક્ષકો દ્વારા હુમલો કરીને ભારે મારપીટ કરવામાં આવી હતી. સોશ્યલ મીડીયામાં દેખાડવામાં આવેલ વીડીયોમાં ગૌરક્ષકો દ્વારા કરવામાં આવેલ મારપીટ અને ગૌરક્ષકો સ્પષ્ટ રીતે દેખાતા હોવા છતાં પોલીસે અજાણ્યા હુમલાખોરોએ કરેલી મારપીટનો ગુનો નોધ્યો છે. મતલબ એ થાય છે કે હજુ સુધી ગૌરક્ષકોને સત્તામાં બેઠેલો લોકો અને પોલીસનો સાથ સહકાર મળી રહ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગૌરક્ષકોની કરેલી કડક ઝાટકણી અને સુપ્રીમ કોર્ટે રાજ્યોને કરેલી ટીકા અને આદેશો છતાં કોઈ કારી ફાવી નથી.થોડા દિવસ પહેલાં સંઘના સ્થાપના દિને મોહન ભાગવતે પવિત્ર ગૌરક્ષક અને અપરાધીઓ વચ્ચે ભેદરેખા આંકી હતી.પરંતુ તે માત્ર તેમના બચાવ પુરતું જ સીમીત રહ્યું. સુપ્રીમ કોર્ટે ગૌરક્ષકો દ્વારા આચરવામાં આવેલી હિંસાને મુદ્દે ગંભીર નોંધ લઈને રાજ્યોને આવા ગૌરક્ષકોને અંકુશમાં લેવા ટકોર કરી હોવા છતાં આ નવી ઘટના સામે આવી છે.સુપ્રીમ કોર્ટ દ્વારા કડક પગલાં લેવા માટે આદેશો કરવા જરુરી છે.કારણકે સરકારોને અપાતી સલાહો નું પાલન થઈ શકતું નથી.

# સમૃધ્ધિ એ માણસની સર્વાધિક શક્તિ છે

આજે દરેક વ્યક્તિ સમૃધ્ધ થવા માટે પ્રયત્ન કરતો હોય છે.એનું કારણ એ છે કે બધા એમ વિચારે છે કે પૈસા દ્વારા બધા જ સુખ ખરીદી શકાય છે.જે માણસ સમૃધ્ધ છે,એની આસપાસ લોકો જોડાયેલા રહે છે. સમૃધ્ધિ એ માણસની સર્વાધિક શક્તિ છે. સમૃધ્ધિ માટે ક્યારેય કોઈને સંતોષ હોતો નથી.સમૃધ્ધિ જે પોતાની તાકાતથી મેળવી હોય, નીતિના માર્ગેથી આવી હોય તો એનો આનંદ છે.પણ સમૃધ્ધ થવા માટે ગમે તે રસ્તા અપનાવ્યા હોય તો એના પરિણામો સારા આવતાં નથી.સમૃધ્ધિ દ્વારા કહેવાતા સુખની ચીજવસ્તુઓ જ ખરીદી શકાય છે. સમૃધ્ધિમાં શાંતિ નથી. વિશાળ મકાનો,ભવ્ય હવેલીઓ,ઊંચા ઊંચા મહેલો, ગાડીઓ અને નોકર-ચાકરનો જમેલો એ બધું જ સમૃધ્ધિ દ્વારા થાય છે.તમે તમારો સામાજિક મોભો બતાવી શકો છો. પણ આપણે જેને સાચા અર્થમાં સુખ કહીએ છીએ, એ એમાંથી મળતું નથી.નકામી સમૃધ્ધિ તો નકામી વસ્તુઓ ખરીદે છે.આપણે જાણીએ છીએ ખે સમૃધ્ધિથી બધું જ શક્ય બને છે,પણ એકલી સમૃધ્ધિ જ જીવન નથી. છતાંય કહેવું હોય તો કહી શકાય કે,સમૃધ્ધિ જ બધાના હિતમાં-સબંધોમાં જીવન ઉપયોગી છે જ.

સમૃધ્ધિ - સ્ત્રી(સં)આબાદી,ઓશ્વર્ય,સંપત્તિ,જાહોજલાલી વગેરે અર્થ થાય છે.જે માણસની કોઈ જ પ્રતિષ્ઠા ન હોય,એવો માણસ જો સમૃધ્ધ હોય તો સમાજમાં એની ગણના થવા માંડે છે.સમૃધ્ધિ આદર અપાવે છે.સમૃધ્ધિથી અંધકારવાલા સ્થાનોમાં અજવાસ આવી જાય છે.માણસના ચહેરા પર લાલી છવાય છે.પણ જે માણસ સચ્ચાઈના માર્ગે સમૃધ્ધ થાય છે એની સમૃધ્ધિ પેઢી દર પેઢી ટકી રહે છે.સંત તિરુવલ્લુવરે કહ્યું છે : ' નીતિને માર્ગે રહી જેણે ખુબ ધન એકઠું કર્યુ હોય છે તેને જીવનના બે પુરુષાર્થ ધર્મ અને કામ સહજ પ્રાપ્ત થાય છે.'સમૃધ્ધિ શુધ્ધ સાધનો દ્વારા પ્રાપ્ત થાય તો ધર્મ અને સુખ પ્રાપ્ત થાય છે.બીજાને ચુસીને,મારી-કાપીને મેળવેલી સમૃધ્ધિ લાંબો સમય ટકતી નથી અથવા જે માર્ગેથી આવે છે ,એ જ માર્ગે પાછી જાય છે.ખુબ સમૃધ્ધ બનો અને નીતિના માર્ગે એનો ઉપયોગ કરો. એ રીતે મેળવેલી સમૃધ્ધિ અવિચળ જ્યોતિરૂપ હોય છે.આપણે સમાજમાં ઘણા દાખલા જોયા છે કે આજનો કરોડપતિ કાલનો રોડપતિ બની જતો હોય છે. એનું કારણ એટલું જ કે એની સમૃધ્ધિ કોઈ અનીતિના માર્ગે આવેલી હોય છે. લક્ષ્મી ચંચળ છે, એને પણ નીતિનો માર્ગ પસંદ છે. અનીતિનો માર્ગ અતિ ટુંકો હોય છે.

અથર્વવેદમાં કહ્યું છે : 'તેલની માલિસ, સુગંધ, સોનું,શરીરનું તેજ, એ બધાંજ સમૃધ્ધિના લક્ષણ છે. 'આપણે કેટલાંક લોકોને જોઈએ છીએ કે ,હાથની આંગળીઓ,હાથનું કડું,ગળામાં સોનાના દોરા લટકતા હોય છે.એમાં જોઈએ તો સમાજમાં બે પ્રકારના માણસો જોવા મળે છે.એક, જે છે તે બીજાને બતાવવા માટેનું પ્રદર્શન કરનારા, બે, જે છે તે ગુપ્ત રાખનારા. જેનામાં આછકલાઈ છે, જેનામાં જીવન-સમજનું ઊંડાણ નથી, જે સંજોગોવસાત રાતોરાત ધનપતિ થઈ ગયા છે, એમને પોતાની સમૃધ્ધિ બતાવવાનો અભરખો હોય છે.એથી એ પ્રદર્શન કરતાં હોય છે.જે ગર્ભ-સમૃધ્ધ હોય છે, એ તો હોય જ છે. એમને પ્રદર્શનની જરૂર ખરી ?સમૃધ્ધિ આવે એની સાથે સદાચાર આવે એ જરૂરી છે. આમ તો કહેવાય કે, સમૃધ્ધિ દુષણોને આમંત્રણ આપે છે.મહેનત વગરની સમૃધ્ધિ માણસને છાકટા બનાવી દે છે.જેની પાસે સમજ ના હોય, એ સમૃધ્ધિનો ભયંકર દુરપયોગ કરીને પોતાનો વિનાશ નોતરતો હોય છે. અનેક પ્રકારના અવળા માર્ગે ચડી જતો હોય છે. આપણે આગળ કહ્યું એમ, એક બીજી વાત પણ દીવા જેવી છે કે, સમૃધ્ધિ જ માનપાન અપાવે છે. તમે કેવા માર્ગેથી ધન-દોલત મેળવી છે એમાં કોઈ પડતું નથી. પણ તમારી પાસે છે,એનું જ મહત્વ બની રહે છે. કોઈએ સાચું કહ્યું છે કે સમૃધ્ધિ ખોરાક લાવી શકે, ભુખ નહી, દવા લાવી શકે, આરોગ્ય નહી,મોજમજા લાવી શકે,પણ શાંતિ અને સ્વસ્થતા નહીં. સમૃધ્ધિ તો દરિયો છે એમાં તરતાં શીખવું જોઈએ, નહીતર આપણી સચ્ચાઈ અને ઈજ્જત બંને એમાં ડુબી શકે છે. ગેટએ સારી વાત કરી છે. ' અચાનક અને અતિ ઝડપે ભેગું કરેલું ધન ઘડીકમાં ચાલ્યું જાય છે, જ્યારે ક્રમિક રીતે આવેલું ધન વધતું જાય છે. 'જેની પાસે સમૃધ્ધિ છે, પણ ઉદારતા નથી એ સાચો ભિખારી છે.

આપણે આગળ કહ્યું કે ધન એ સુખ નથી. ઓશો રજનીશે પણ એજ વાત કરી છે.ભૌતિક સંપત્તિનો ચળકાટ ખોટો છે.તમારી પાસે હીરા મોતી જડેલો પલંગ હોય, પરંતુ ઊંઘ ન આવતી હોય તો ?તમારી સમક્ષ બત્રીસ ભોજન અને તેત્રીસ પકવાન પીરસેલાં પડ્યા હોય,પરંતુ ભુખ ન લાગતી હોય તો ? ઊંઘ લાવી શકે

અનું. પાન નં ૨ કોલમ ૧-૨ ઉપર

# પ્રકાશનું પર્વ દિવાળી ( ફાધર વર્ગીસ પોલ, એસ.જે)

દિવાળી અંગે કેટલીક દંતકથાઓ છે. એમાં એક પરંપરાગત કથા મહાવીર સ્વામીના નિર્વાણ સાથે સંકળાયેલી છે.મહાવીર સ્વામી વિશેના ગુજરાતી વિશ્વકોશ ના લેખમાં મે વાંચ્યુ કે ભગવાન મહાવીરના નિર્વાણનો સંકેત મળતાં દેવો અને માનવોમાં ગમગીની છવાઇ ગઇ હતી. જે રાત્રિએ ભગવાન મહાવીરનું પરિનિર્વાણ થયું તે રાત્રે ઈન્દ્રરાજે મોહની દારુણ પળો પર વિજય મેળવીને સ્વસ્થ થઈને દીપક પેટાવવા નું કહેલું.અમાવાસ્યાની એ રાત અનેક દિપકોથી ઝળહળી ઉઠી.વિક્રમ સંવત પુર્વે ૪૭૦(ઇ.સ.પુર્વે ૫૨૭)માં લોકોએ દીપકો પ્રગટાવી પ્રભુ મહાવીરના નિર્વાણનો ઉત્સવ રચ્યો.ત્યારથી દિપાવલી પર્વ ઉજવવાની પરંપરા છે.(ગુજરાતી વિશ્વકોશ, ખંડ-૧૫,પૃ ૪૬૬)

દિપાવલીના ઉત્સવ પ્રસંગે શ્રી બુધ્ધના અનુયાયીઓ તેમજ શીખ ધર્મના અનુયાયીઓ વચ્ચે પણ વિવિધ પ્રાચીન કથાઓ પ્રચલિત છે. શીખ લોકો દિવાળી ખાસ ઉજવે છે.કારણ, એ જ દિવસે તેમના છઠ્ઠા ગુરુને - ગુરુ હરગોવિંદને - કેદખાનામાંથી મુક્ત કરવામાં આવ્યા હતા.શીખ ધર્મની પરંપરા જણાવે છે કે સમ્રાટ જહાંગીરે ૧૬૧૯માં ગુરુ હરગોવિંદ અને તેમની સાથે રાજવીઓને કેદ કર્યા હતા.

કેદખાનામાંથી મુક્ત થઈને ગુરુ હરગોવિંદજી સીધા અમૃતસર ખાતે ગોલ્ડન ટેમ્પલ(સુવર્ણ મંદિર) ગયા. એટલે દિવાળીના દિવસને શીખ લોકો ગુરુ હરગોવિંદજીના ઘર વાપસી તરીકે ઉજવે છે.એ દિવસે સુવર્ણ મંદિરને ભવ્ય રીતે સજાવીને શોભાવવામાં આવે છે અને બધા શીખ લોકો ખુબ ઉમળકાતી દિવાળી ઉજવે છે.

બૌધ્ધ ધર્મીઓ માટે દિવાળી ભવ્ય રીતે ઉજવવા પાછળનો હેતુ ભિન્ન છે.એમને માટે દિવાળી એટલે અનિષ્ટ ઉપર ભલાઈ કે સારપનો વિજય. સમ્રાટ અશોકે યુધ્ધ અને લોહી રેડવાનો પથા છોડીને શાંતિ અને અહિંસાનો માર્ગ અપનાવ્યો હતો એટલે બૌધ્ધો માટે દિવાળીનું વિશેષ મહત્વ છે.છતાં પારંપારિક રીતે દિવાળીની ઉજવણીમાં બૌધ્ધો અને હિન્દુઓ વચ્ચે ખાસ ફેર નથી.હિન્દુઓ દિવાળીની ઉજવણીમાં વધારે ધાર્મિકતા દાખવે છે.હિન્દુ ધર્મમાં અસત પર સતનો ,કે અંધકાર પર પ્રકાશના વિજય પર્વ તરીકે દિવાળી ઉજવવામાં આવે છે.દિવાળી હિન્દુ ધર્મ સાથે નિકટપણે સંકળાયેલું પર્વ છે કે દેશવિદેશમાં હિન્દુ ધર્મને અનુસરતા બધા લોકો દિવાળી આનંદપ્રમોદથી ઉજવે છે.

પણ આજે દિવાળીની ઉજવણી એક સામાજિક તહેવાર બન્યો છે.બધા ધર્મોના અનુયાયીઓ તેમ જ કોઈપણ ધર્મમાં માનતા ન હોય એવા લોકૌ પણ પોતાના હિન્દુ પાડોસીઓ સાથે મળીને દિવાળી ઉજવે છે. એ જ રીતે દિવાળી આપણી ભારતીય સંસ્કૃતિનો ભાગ બની ગયો છે.એટલે દુનિયાભરમાં જ્યાં જ્યાં ભારતીય નાગરિકો છે ત્યાં બધા દિવાળી ઉજવે છે.

દિવાળીમાં આપણી ઉજવણીમાં આપણે ઘણુખરુ નવા કપડાં ખરીદવા,દીવો સળગાવવો અને મિજબાની કરવી જેવી બાહ્ય બાબતોને ખુબ મહત્વ આપીએ છીએ. દિવાળીના આ બાહ્ય આચાર વિચાર સાથે આપણે આંતરિક રીતે કે આધ્યાત્મિક રીતે પણ દિવાળી ઉજવવાનો વિચાર કરી શકીએ. અહીં મારી વાત સમજાવવા માટે આપણે ઈન્ડીયામાં જન્મેલા અંગ્રેજી કવિ અને લેખક રુડિયાર્ડ કીપ્લિંગની વાત લઈએ. રુડિયાર્ડ અને એમની પત્ની શહેર બહાર એક ટેકરીના ઢોળાવ પર એક ખેડુતનું ઘર ખરીદીને ત્યાં રહેવા ગયા.ઘરની સામેની ટેકરીના ઢોળાવ પર એક વૃધ્ધ સ્ત્રી રહેતી હતી. એક દિવસ રુડીયાર્ડ અને તેમની પત્ની પેલી વૃધ્ધ સ્ત્રીની મુલાકાતે ગયા. તેઓ ઢોળાવથી નીચે ઉતરીને ખીણની સામે ટેકરીના ઢાળ પર આવેલા વૃધ્ધ સ્ત્રીના ઘરે પહોચ્યા.નવા આવેલાં આગંતુકોને પેલી સ્ત્રીએ સ્મિત સાથે ઉમળકાથી આવકાર્યા.પછી પેલી સ્ત્રીએ રુડિયાર્ડ અને પત્નીને પુછ્યું : રાતે આ ખીણમાં સામેના મકાનની બારીમાંથી જે પ્રકાશ ફેલાય છે તે જ મકાન તમારુ ઘર છે ને ?પછી પેલી વૃધ્ધાએ વધુમાં કહ્યું , આપની બારી પરથી આવતો પ્રકાશ મારી એકલતા દુર કરે છે.મારી સાથે કોઈ હોવાની મને અનુભુતિ થાય છે.એટલે મારે મન એ પ્રકાશનું અનોખું મહત્વ છે.વૃધ્ધાને મળ્યા પછી પોતાના ઘરની બારીમાંથી પ્રકાશ બરાબર ખીણમાં પડે એ રીતે પડદા ખેચી રાખવાની વાત કિપ્લીંગ કહી છે.

કિપ્લીંગની વાતમાં આપણે જોઈ શકીએ છીએ કે કિપ્લીંગ યુગલના અંતરમાં જે પ્રકાશ છે, જે પ્રેમ છે, જે શાંતિ છે તે બારી પરના દીવાના પ્રકાશની જેમ ચોમેર ફેલાય છે. ખીણમાં ફેલાયેલો પ્રકાશ જોઈને પેલી વૃધ્ધ સ્ત્રીનું હૃદય ઝળહળી ઉઠે છે.. અનુભવે આપણે જાણીએ છીએ કે આપણામાં જે પ્રકાશ છે, કે જે અંધકાર છે, તે આપણી જાણ બહાર પણ સામેના માણસ પર અસર કરે છે. આપણામાંનો પ્રકાશ દિવાદાંડીની જેમ બીજાને માટે રસ્તો ચીંધે છે. એજ રીતે આપણામાંનો અંધકાર બીજાને ગેરરસ્તે દોરી શકે છે.અદેખાઈ, ધિક્કાર,વેરભાવ,જુઠ્ઠાણું,ફિકર ચિંતા જેવા પરિબળો તમારા જીવનમાં અંધકાર ફેલાવશે.એથી ઉલટું,તમારા દિલના પ્રેમ,શાંતિ,આનંદ,માફી જેવી બાબતો તમારા ને આસપાસના લોકોના જીવનમાં પ્રકાશ ફેલાવી શકે છે. તો આપણે આંતરિક રીતે આપણે માટે તથા બીજાને માટે પણ દિવાળીની ઉજવણીને પ્રકાશમય કરવા મથીએ.

બધા અનિષ્ટો વચ્ચે એકબીજાને આપેલી માફીને રસ્તે દુનિયાભરના બધા માણસોને પ્રમાર્દ્ર કરી દો.


કાર ભાડે મળશે



લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે



મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭

લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઑડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે





ડૉ.હેમેન્દ્ર જી. પરીખ

પી.જી.યોગા,ડીએચએમએસ

યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ

એકસ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એકસ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર
મો.૯૩૭૬૧ ૦૦૮૯૮
E.mail : drhamparikh@yahoo.co.in


# ભ્રષ્ટાચારના વિરોધી અણ્ણા હજારેએ સરકાર પર આરોપ મુક્યો કે તે ભ્રષ્ટાચારને સંરક્ષણ આપી રહી છે



ભ્રષ્ટાચારના વિરોધી અને ભ્રષ્ટાચારને દુર કરવા લોકપાલની નિમણુંકના તરફધાર અણ્ણા હજારેએ જણાવ્યુ હતું કે મોદી સરકારે લોકપાલ કાયદાને બને તેટલો નબળો બનાવી દીધો છે.સરકારે નિયમ અને કાયદામાં ૪૦ જેટલાં એવા ફેરફારો કર્યા છે કે જેને કારણે ભ્રષ્ટાચારને સમર્થન મળે છે. રાજયસભામાં વિરોધપક્ષ બહુમતીમાં હોવાતી આ ફેરફાર સાથેના વિધેયકને નાણાંકીય વિધેયકના રુપમાં બહાલી આપી દીધી છે.દેશભરના લોકો અમિત શાહના પુત્ર જય શાહની ચર્ચામાં વ્યસ્ત હતા ત્યારે અણ્ણાના ગામ રાલેગણ ખાતે ગાંધીવાદીઓ અણ્ણાના આગામી આંદોલનની રુપરેખા ઘડવામાં વ્યસ્ત હતા.અણ્ણાને લોકપાલ વિધેયક અને તેમાટે થઈ ચુકેલા આંદોલન વિશે પુછતા તેમણે કહ્યુ હતું કે લોકપાલ કાયદો હજી અસ્તિત્વમાં નથી.મનમોહન સરકારે જેમ છેતરપીડી કરી હતી તેવી જ છેતરપીડીડ મોદી સરકારે કરી છે. હાલમાં જે લોકપાલ કાયદો અમલમાં છે તેનાથી ભ્રષ્ટાચારમાં ખાસ ફરક પડવાનો નથી.

અણ્ણાને પુછવામાં આવ્યું કે તેમણે કરેલા આંદોલનનો લાભ ચુંટણીમાં ભાજપને થયો હતો તેના જવાબમાં તેમણે કહ્યુ હતું કે તેમના આંદોલનના નિશાન પર કોઈ રાજકીય પક્ષ નહોતો.હકીકતે મોદીએ ખોટા વચનો આપ્યાં હતા.

# ઉદારવાદી મુલ્યોની કતલનો ટ્રેન્ડ ખતરનાક ચાલી રહ્યો છે : હાઇકોર્ટ

બોમ્બે હાઈકોર્ટે નોધ્યુ છે કે તમામ વિરોધ અને ઉદારવાદી મુલ્યોને નાબુદ કરવાનો એક ખતરનાક ટ્રેન્ડ ચાલી રહ્યો છે. જેના કારણે દેશની છબિ બગડી રહી છે.બેગલુરમાં પત્રકાર ગૌરી લંકેશની હત્યાનો ઉલ્લેખ કરી કોર્ટે આ ચિંતાજનક તારણ કાઢ્યુ હતું. રેશનાલિસ્ટ લેખકો, ગોવિન્દ પાનસરે અને નરેન્દ્ર દાભોલકરની હત્યામાં તપાસમાં કોર્ટની દેખરેખની તપાસની માંગણી કરતી એક પિટીશન પર સુનાવણી વેળાએ જસ્ટીસ એસ.સી. ધર્માધિકારી, અને જસ્ટીસ ભારતી ડાંગરેની બેન્ચે આ ટિપ્પણી કરી હતી.બેન્ચે કહ્યુ હતું કે ઉદાર મુલ્યો અને અભિપ્રાયો મો કોઈ સન્માન નથી.લોકો તેમના ઉદાર સિધ્ધાંતો માટે નિશાન બનાવવામાં આવી રહ્યા છે. માત્ર વિચારકો જ નહીં, પરંતુ કોઈ વ્યક્તિ કે સંસ્થા જે ઉદાર સિધ્ધાંતોમાં માનતી હોય તેને નિશાન બનાવવામાં આવી રહ્યું છે. સ્થિતિ એવી છે કે જો મારો ક્યાંય વિરોધ હોય તો મારે તે વ્યક્તિને નેસ્તનાબુદ કરી દેવી જોઈએ.

બેન્ચે ઉમેર્યું હતું કે તમામ વિરોધને મારી નાંખવાનો ટ્રેન્ડ ખતરનાક છે.આનાથી દેશની છબી બગડી રહી છે.દાભોલકર અને પાનસરે હત્યામાં સીબીઆઈ અને મહારાષ્ટ્ર ઈન્વેસ્ટીગેશન ડીપાર્ટમેન્ટે તેમના તપાસ રિપોર્ટ સુપરત કરી દેતાં બેન્ચે નોધ્યું છે કે અત્યાર સુધી આ કેસોમાં થયેલી પ્રગતિમાં સત્તાવાળાઓને કોઈ નક્કર પરિણામો મળ્યાં નથી.

ચીલીમાં આવેલા અટકામાના રણમાં છેલ્લા ચારસો વર્ષથી એક પણ ટીપું વરસાદનું પડ્યું નથી.

વાયોલીન લાકડાના ૭૦ ટુકડાને જોડીને બનાવવામાં આવે છે.


જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધું પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

# સીઆરપીએફના જવાને સોશ્યલ મીડીયામાં સરકાર વિરુધ્ધ ફરિયાદોની વીડીયો મુકી

છેલ્લા કેટલાક સમયથી દેશના જુદા જુદા આર્મ ફોર્સીસ સાથે સંકળાયેલા લોકો તેમને પડતી મુશ્કેલીઓ બાબતે ફરિયાદ સોશ્યલ મીડીયામાં મુકે છે.ખરેખર તે માટે તેમની ફરિયાદોનું નિવારણ થાય છે કે નથી થતું તેની ખબર પડતી નથી પરંતુ એવું લાગે છે કે દેશના આર્મ ફોસીસમાં અસંતોષ વધી રહ્યો છે.તાજેતરમાં સુકમામાં માઓવાદી હુમલા પછી ગૃહમંત્રી રાજનાથસિંની ટીકા કરનાર સીઆરપીએ જવાન પંકજ મિશ્રાએ ફરી મોરચો ખોલ્યો છે.તેણે કહ્યું છે કે વડાપ્રધાન મોદીએ દેશને દગો આપ્યો છે.અમે હવે કમળને ખીલવા નહીં દઇએ.

પંકજ મિશ્રાએ વદુ એક વીડીયોમાં પોતાના ફેસબુક એકાઉન્ટ પર શેર કર્યો છે.આ વીડીયોમાં તેણે વડાપ્રધાન મોદી અને રાજનાથસિંહ પર નિશાન તાક્યું છે. પંકજ મિશ્રાએ આ વીડીયોમાં પોતાની અનેક માંગણીઓ સરકાર સામે મુકી છે.સાત ઓક્ટો.ના રોજ મુકવામાં આવેલી આ વીડીયો ક્લીપમાં પંકેજ ૨૧ દિવસના ઉપવાસ આંદોલનની પણ જાહેરાત કરી છે.તેણે કહ્યુ છે કે જો તેની માંગણીઓ સંતોષવામાં નહીં આવે તો ૨૦૧૯માં તે કમળનું પુલ કાદવમાં પણ ખીલવા દેશે નહીં.

રાજનાથસિંહ અને વડાપ્રધાન મોદી પર નિશાન સાધતાં વીડીયોમાં કહેવાયું છે કે સુકમાકાંડ પછી મે રાજનાથસિંહની ટીકા કરી હતી. એ પછી મને ફટકારવામાં આવ્યો હતો.તપાસ શરુ થઇ ત્યારે પણ મને ફટકારવામાં આવ્યો.રાજનાથજી આ શું કરાવી રહ્યા છો ? તમને આટલી જ શરમ આવે છે તોય બતાવો કે તમે અત્યાર સુધી પોતાના કાર્યકાળમાં શું કર્યું છે ?તમારા વડાપ્રધાન મોદીએ સું કર્યું છે ?મને સમજાતું નથી કે તેઓ પ્રચાર મંત્રી એ કે પર્યટન મંત્રી ? તેમણે સમગ્ર દેશને દગો આપ્યો છે. રાષ્ટ્ર સાથે દગાબાજી કરી છે. તેમને રાષ્ટ્ર સમક્ષ માંફી માંગવી જોઇએ.

છેલ્લા કેટલાક સમયથી અર્ધ લશ્કરી દળોના જવાનોમાં સિસ્ટમ સામે નારાજગી પ્રવર્તી રહી છે.અને તેઓ આવી નારાજગી સોશિયલ મીડીયામાં દર્શાવી રહ્યા છે.અગાઉ બીએસએફના એક જવાને તેમને ખાવાનું યોગ્ય રીતે અપાતું નથી તેની ફરિયાદ કરી હતી. જેના પગલે આર્મીમાં ખળભળાટ મચી ગયો હતો.તે પછી આવા અનેક વીડીયો જાહેરમાં આવ્યા છે.

# તાજમહાલ વિવાદને ભાજપના નેતા કટિયારે વધુ વકરાવ્યો

ભાજપના નેતા વિનય કટિયારે આગ્રાના તાજમહાલ પર ચાલી રહેલા વિવાદમાં વધુ ઉમેર્યો કર્યો છે. તેમણે કહ્યુ હતું કે આગ્રામાં તેજો મહલ તરીકે જાણીતા ભગવાન શિવના મંદિરને તોડીને શાહજહાંએ તાજ મહેલ બનાવ્યો હતો.જો કે તેમણે આ સાથે કહ્યુ હતું કે હવે આ સ્મારક વિશ્વ પ્રસિદ્ધ બની ગયું છે. ત્યારે તેને તોડી પાડવાની તરફેણમાં તેઓ નથી.

રામમંદિરની ચળવળમાં તેઓ ખુબજ સક્રિય રહેલા એવા ભાજપના આ સિનિયર નેતાઓ કહ્યુ હતું કે શાહજહાંએ જ્યાં પોતાની પત્નીને દફન કરી હતી. તે જગ્યા હિન્દુ શિવમંદિર હતું.આ શિવમંદિર હિન્દુ રાજાઓએ બનાવ્યુ હતું.ત્યાંના રુમ અને કોતરણી કામ હિન્દુ સ્મારક હોવાનું દર્શાવે છે.

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઇન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઇપણ સર્જીકલ આઇટમો તદન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

૧૩,સહયોગ પાર્ક -૧,ન્યુ ગામડી રોડ,આણંદ.૧

**જય ક્રિશ્ચિયન** મો.:૯૮૨૪૩૬૨૪૬૨-૮૨૩૮૦૦૧૯૮૯

**ગ્લોરી કેટરીંગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

*ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ*

**સંપર્કઃ જહોન એમ.મેકવાન**

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો.૯૩૭૫૨૦૯૯૨૪

# નવા વરસે નવા માણસને ધારણ કરો

માઇકલ એન્જેલો(૧૪૭૫-૧૫૬૪) એક મુર્તિ પર કામ કરતા હતા. તેમને લાંબા સમયથી મુર્તિ પર ખુબ ઝીણવટથી નાનુંનાનું કામ કરતાં જોઇને એક નિરીક્ષકે માઇકલ એન્જેલોને પુછ્યું, "આપની મુર્તિ તો સુંદર છે.છતાં આપ એના પર સાવધાનીથી હજુ કેમ નાનું સુનુ કામ કરતાં રહો છો ? "

"મુર્તિ પરનું મારુ આ કામ તમને નાનું સુનુ કે નજીવું લાગે. પણ મારે મન આ નાનુસુનુ કામ નથી.કારણ, મારે એક પરિપુર્ણ મુર્તિ સર્જવી છે. મારી મુર્તિમાં નાની સુની ક્ષતિ કે ખોડખાંપણ રહેવી ન જોઇએ. મારે બધી રીતે એક સંપુર્ણ મુર્તિ સર્જવી છે"

આજે સદીઓ પછી રોમ ખાતે સિસ્ટાઇન દેવળની છત પર માઇકલેન્જેલોએ દોરેલા ચિત્રો અને ઇટલીના ફ્લોરેન્સ(ફિરેન્સે) ખાતે એમણે કોતરેલા ડેવીડ જેવી આરસપહાણની મુર્તિઓ મારી જેમ દુનિયાભરના લોકો વખાણે છે.માઇકલેન્જેલોના કલાસર્જન પાછળ એમની નિષ્ઠાભરી મહેનત હતી. પોતાનું કામ સર્વશ્રેષ્ઠ રીતે કરવાની તેમની ટેવ કે લત હતી.

માઇકલેન્જેલોને પોતાનું ચિત્રકામ કે કોતરકામ ખુબ નિષ્ઠાથી સર્વસંપુર્ણ રીતે કરવાનો જુસ્સો કે આવેશ ક્યાંથી મળ્યો હશે ?આ પ્રશ્નનો વિચાર કરતો હતો ત્યારે મને કોમ્પ્યુટર વિજ્ઞાની પ્રાધ્યાપક રોન્ડી પોષ ની વાત યાદ આવી. ખુબ હોશિયાર પ્રાધ્યાપક પોષનું છેલ્લુ વ્યાખાન નામે એક પુસ્તક છે. અને એક જ નામે એક વીડીયો યુટ્યુબ માં પણ છે.પોષે પોતાના વિદ્યાર્થીની-વિદ્યાથીઓને આપેલી એક છેલ્લી સુચના અહીં ઉતારુ છું.''સુખી થવા માટે આપણામાં કોઇ એક બાબત માટે જુસ્સો કે આવેશ હોવા જોઇએ. આ જુસ્સો કે આવેસ કોઇ બાહ્ય ચીજોમાંથી કે નાણાંથી ન મળે. એ આવેશ કે જુસ્સો પ્રેમમાંથી આવે છે''

માઇકલન્જેલોને પોતાની કલા પ્રત્યે, પોતાના કામ પ્રત્યે એ પ્રેમ હતો. એ આવેશ હતો. એ ઉત્સાહ હતો. એ જુસ્સો હતો. એટલે જ એમનું બધુ કામ જે તે ક્ષેત્રે શ્રેષ્ઠતમ સર્જન બન્યું છે.કોઇ પણ કામ કરવાની બાબતમાં આપણા માટે એક આદર્શ છે.સર્વોત્તમ કામ માટેની માઇકલેન્જેલોની નિષ્ઠા અનુકરણીય છે. બીજાને સુંદર લાગે, ઉત્તમ લાગે, એવા ચિત્ર કે મુર્તિ પર પણ ઝીણું ઝીણું કામ કે નજીવું લાગતું કામ પણ કરીને માઇકલન્જેલોએ પોતાના સર્જનને સર્વોત્તમ બનાવ્યુ હતું.એ જ રીતે રાન્ડી પોષની વાત પણ આપણને પ્રેરણા અને પ્રોત્સાહન આપી શકે છે. રાન્ડીની પ્રેમ પ્રેરિત આવેશ કે ધગશ સૌ કોઇ માટે આદર્શ અને અનુકરણીય હોઇ શકે.

મે માઇકલન્જેલો અને રાન્ડી પોષની અનુકરણની વાત કરી. પણ એમાં બંને મહાનુંભાવોનું આંધળુ અનુકરણ કરવાની વાત નથી.પરંતુ બંને પાસેથી પ્રેરણા અને પ્રોત્સાહન લઇને એમના ગુણોને અપનાવવાની વાત છે.એ રીતે આપણા જીવનમાં પણ પ્રેમ-પ્રેરિત ઉત્સાહ અને જુસ્સાથી આપણાથી થાય એવું શ્રેષ્ઠતમ કામ આપણે કરવાનું હોય છે. આપણી જાતને કે આપણા કામને કોઇની સાથે સરખાવ્યા વિના,ખુદ આપણને સંતોષ થાય, એવું ઉત્કૃષ્ઠ કામ કરવાની વાત છે.

અહીં મારી વાત નવજીવનને પંથે નવું જીવન ધારણ કરવાની છે. પ્રભુ ઇસુના સંદેશની ઘોષણા કરવામાં મોખરે રહેનાર સંત પાઉલની વાત અહીં યાદ કરુ છું.''જુની પુરાણી પ્રકૃતિની કાંચળી ઉતારી નાંખો, અને મન અને આત્માથી નવા બની,ઇશ્વરને અનુરુપ રીતે સર્જાયેલી તથા સાચી ધાર્મિકતા અને પવિત્રતારુપે વ્યક્ત થતી નવી પ્રકૃતિ ધારણ કરી લો "(એફેસસ ૪: ૨૨-૨૪)

આપણે મેલાં કપડાં બદલી નાંખીએ. જુના ફાટેલા કપડાં કાઢી નાંખીએ અને સ્વચ્છ, નવા કપડાં પહેરી લઇએ. અહીં સંત પાઉલની વાતમાં કેવળ કપડાં બદલવાની વાત નથી. પણ ખુબ ઉંડી વાત છે. મન અને આત્માથી માણસે બદલાઇ જવાની વાત છે. બિલકુલ નવી પ્રકૃત્તિ ધારણ કરવાની વાત છે.

પ્રેમ-પ્રેરિત ધગશ અને ઉત્સાહનો એક બોલતો દાખલો સર નિકોલાસ વિનટન છે. સામાજિક માધ્યમોને કારણે એમની વાત દુનિયાભરના લોકો જાણે છે.બીજા વિશ્વયુધ્ધ દરમિયાન એક બાજુ એડોલ્ફ હિટલરની નેતાગીરી હેઠળ જર્મનીના નાઝી લોકો ખાસ કોઇ રોકટોક વિના યહુદી લોકોની વંશહત્યા કરતા હતા.ત્યાં બીજી બાજુ એક મસિહા તરીકે સર નિકોલાસ વિનટન યહુદી બાળકોને બચાવવાનું કામ ખુબ રહસ્યમય રીતે કરતા હતા. નાનાં બાળકોને બચાવવાના નિકોલાસ વિનટનના કામમાં પ્રેમ હતો,નિષ્ઠા હતી,ધગશ હતી, ઉત્સાહ હતો. પણ એમાં જાહેરાત નહોતી.એમના ઉદાત્ત કામ માટે પ્રસિધ્ધિની ઝંખના નહોતી.

એક દિવસ સર નિકોલાસ વિનટનને એમના મિત્રોએ એક ટેલિવિઝન કાર્યક્રમમાં બોલાવ્યા. એમને આગળની બેઠક આપીને વિશાળ સભાખંડમાં સૌ લોકોએ ઊભા થઇને એમને વંદન કર્યા ત્યાં સુધી વિનટનને કંઇ ખબર નહોતી કે આ બધું શું થઇ રહ્યું છે. નિકાલોસ વિટનટને ૧૯૩૮થી એકલવીર તરીકે યહુદી બાળકોને બચાવવાનું ખુબ રહસ્યમય કામ શરુ કર્યુ હતુ અને તેમણે વિશ્વયુધ્ધ દરમિયાન મૃત્યુના મોમાંથી૬૬૮ યહુદી બાળકોને ચેકોસ્લાવિયાથી બચાવીને ઇંગ્લેન્ડ લઇ જતા હતા અને એકેક બાળકને એકેક અંગ્રેજ કુટુંબને સોંપતા હતા.બાળકોના મોટાભાગના માંબાપો નાઝી કોન્સન્ટ્રેશન છાવણ અને પછી ઝેરી વાયુની કોટડીમાં અકાળ મૃત્યુનો ભોગ બન્યા છે.

નિકાલાસ વેનટને પોતે બચાવેલા બાળકોની માહીતી એમના ફોટા સાતે પોતાની એક રોજનીશી રાખી હતી. એના ૫૦ વર્ષ પછી વિનટનની રોજનીશી એમની પત્નીના હાથમાં આવી અને પત્નીએ એને એક પત્રકારને બતાવી અને ૫૦ વર્ષ પહેલાની રહસ્યમય વાત બહાર આવી !

પેલા ટેલિવિઝન કાર્યક્રમ માટે વિશાળ સભાખંડમાં ભેગા થયેલા દરેક માણસ એટલે નિકોલાસ વિનટને બચાવેલા ભાળકો હતાં.તેઓ પોતાને બચાવી લેનાર મસિહા સમા સર નિકોલાસ વિનટનને આદરમાન આપવા અને વ્યક્તિગત રીતે આભાર માનવા માટે ભેગા થયા હતા ! વિનટન ૨૦૧૫માં ૧૦૬ની વર્ષની ઉંમરે મૃત્યુને શરણે ગયા.

આજે કાયદાની પકડમાં ન આવે તે રીતે ટોળામાં ભેગા થઇને પોતે માની લીધેલા દુશ્મનોને મારી નાંખવાનું ષડયંત્ર અજમાવાય છે.આ સંદર્ભમાં આપણી વચ્ચે અને દુનિયાભરમાં સર નિકોલાસ વિનટન જેવા લોકો આપણને હિંમત અને પ્રેરણા આપે છે.

આ નવા વર્ષે પ્રતિકુળ સમય-સંયોગોમાં પણ હકારાત્મક વલણથી આપણે આપણુ કામ કરવાનું છે. સત્યના પંથે ડર-બીકને ફગાવી દઇને જુસ્સા ને ધગશથી આપણું જીવન જીવવાનું છે.

(ફાધર વર્ગીસ પોલ એસ.જે.)

**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.